### છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાંથી

# બંદુક સાથે રીઢા ગુનેગાર ઝડપી પાડતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૨૧

ભુતકાળમાં હત્યા, લુંટ જેવા ગંભીર ગુન્હામાં પકડાયેલા તેમજ સાણંદ જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના ગુન્હામાં વોન્ટેડ આરોપીને ગેરકાયદેસર હથિયાર ( હાથ બનાવટની જામગરી બંદુક) સાથે કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસી થી બિલેશ્વરપુરા તરફ જતા માર્ગ પરથી ગાંધીનગર એલસીબી પોલીસ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત્ તા.૨૦ ને ગુરુવારના રોજ એલસીબી એએસઆઈ પુનમભાઈ છપ્પનભાઈ, અ.હે.કો. અજયકુમાર કાળીદાસ, મહેન્દ્રસિંહ વિષ્ણું સિંહ, તથા સંજય પિયુષભાઈ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથેના એએસઆઈ પુનમભાઈ તેમજ અ.હે.કો અજયકુમારને સંયુકત માહિતી મળી હતી કે છત્રાલ જીઆઈડીસી બિલેશ્વરપુરા ગામમાં જતા એપ્રોચ માર્ગ પરથી વિલાયત ઉર્ફે જમાલ મહંમદ સીંધી (ડફેર) રહે. વાંસવા બહુચર માતાના મંદિર પાસે છાપરામાં તા.વિરમગામ, જી.અમદાવાદ મૂળ વતન- અદગામ તા.સમી, જી- પાટણવાળાને એક હાથ બનાવટની જામગરી બંદુક કપડામાં વીંટાડીને લઈ જઈ રહ્યો હતો તે દરમિયાન પોલીસે ઝડપી પાડ્યો હતો. આ શખ્સ પાસે હથિયાર અંગે આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહીં હોવાનું અને હાથ બનાવટની ગેરકાયદેસર હથિયાર હોવાનું જણાવતા કલોલ તાલુકા પોલીસ મથકે ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. જયારે આ શખ્સની વધુ પુછતાછ કરતા તેણે બે માસ અગાઉ વાહનચોરીનો ગુનોં કર્યો હોવાની કબુલાત કરી હતી.જેમાં કડી તાલુકાના રાજપુર ગામેથી એક મોટર સાયકલ ચોરી કરી હતી. તે બાઈક તેણે છત્રાલ જીઆઈડીસી થી પાનસર તરફ જવાના માર્ગ પર રેલ્વે ફાટક ઉપર બનતા નવા બ્રિજ પાસે માર્ગ પર મુકી દીધુ હતું. આ શખ્સ ભુતકાળમાં પણ તેના સાગરીતો સાથે મળી કલોલ મહેસાણા હાઈવે ઉપર લુંટ તથા ખુનનો ગુન્હો કર્યો હતો જેમાં પકડાઈ ગયો હતો. મહેસાણા-નંદાસણ ગામ વચ્ચે એક ટ્રક વાળાને પણ લુંટ્યો હતો તેમાં પણ પકડાઈ ગયો હતો. અનેક ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ શખ્સ વિરુધ્ધ એલસીબી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# સેક્ટર-૩ માં જન જાગૃતિ અભિયાન શિબિર યોજાઈ

ગાંધીનગર,તા.૨૧


જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા પેરા લીગલ વોલ્યુન્ટીયરસની ટીમને જુદા-જુદા વિષયો ને આવરી લઈ કાનુની શિબિરના માધ્યમથી જન જાગૃતિ અભિયાનાનું આયોજન કરવાની કામગીરી સોંપવામાં આવી છે. જેથી પારા લીગલ ટીમના સભ્યોએ સે-૩ વગડાવાળી માતાજીના મંદિરે તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ એક કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સેકટરના વસાહતી ભાઈ બહેનો તેમજ વોર્ડ નં-૭ ના મ્યુનિસિપલ કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા પણ હાજર રહ્યા હતા.



આ શિબિરમાં પારા લીગલ ટીમના સભ્ય જયરામ સોનીએ મહિલા સશકિતકરણના મુદ્દા ઉપર થયેલા નોંધપાત્ર ફેરફારોની માહિતી આપી હતી. તેમજ મહિલાઓને સમાજના દરેક ક્ષેત્રમાં હવે પછીથી સક્રિય ભાગીદારી આપતા રહેવા અનુરોધ કર્યો હતો. જયારે ટીમના અનિલ કક્કડ એ એચઆઈવી અને એઈડ્સ રોગ અંગે તેની ઉત્પાતિથી શરુઆત કરી તેના પ્રસરવાના કારણો, લક્ષણો, તેના ઉપચાર માટે ઉપલબ્ધ દવાઓ, લેબોરેટરી તપાસ, આ રોગ માટે પ્રવર્તાતિ ગેર સમજુતીઓ અને રોગના અટકાવવા માટે રાખવાની થતી સાવચેતીઓની તલસ્પર્શી વિગતો રજુ કરી હતી. જયારે કોર્પોરેટર ઉર્મિલા બેને પારા લીગલ વોલ્યુન્ટીયરસની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી ટીમના સૌ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. આ શિબિરમાં મોટીસંખ્યામાં વસાહતી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## આત્મ કલ્યાણ અને સમાજ સંતુલનનો સંગમ એટલે ત્યાગ ધર્મ : આચાર્ય સુનીલ સાગરજી

નાકામા પદાર્થો અને વૃત્તિઓનું ત્યાગ તથા શ્રેષ્ઠનો દાન જ ઉત્તમ ત્યાગ ધર્મ છે અને તેના થકી સમાજ સંતુલનમાં નિહિત છે તેની સાચી સાર્થકતા. ઉત્તમ ત્યાગ જ પરમ ધર્મ છે. સંગ્રહ કરવાળા ભલે દુનિયાની નજરમાં શ્રેષ્ઠ હોય પણ પરમાત્મા પ્રભુની નજરે તો ત્યાગી જ શ્રેષ્ઠ છે. ત્યાગને ઉત્તમ એટલા માટે કહેવાય છે કે તેમાં સર્વોત્તમના લક્ષણો છે, સમ્યકત્વ છે, વિવેક છે અને સાધક તેને ભલીભાંતિ હોશહવાશમાં જાણીને જ ધારણ કરે છે. આચાર્ય સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે મજબૂરી કે દેખાવ ખાતર કરેલ ત્યાગ ત્યાગ ના ગણાય. દાન હર્ષ ઉત્સાહ સાથે કરવો જોઈએ. કહેવાય છે કે 'બિન માંગે દે યે દૂધ બરાબર. માંગે સે દે યહ પાની. અને વહ દેના હૈ ખૂન બરાબર, જિસમેં ખીંચાતાની' શ્રેષ્ઠ ત્યાગ વ દાન એને જ કહેવાય જેમાં ઉત્સાહ છે, વિરક્તિ છે અને બીજા માટે દયાનો ઉત્તમ વિચાર છે. તપસ્વી સમ્રાટ ગુરુદેવ આચાર્ય સન્મતિ સાગરજી ત્યાગની પ્રતિમૂર્તિ અને આદર્શ હતા એમને એવા બધા જ પદાર્થોનું ત્યાગ કર્યું હતું જેના માટે લોકો કહે છે કે એના વગર તો જીવી શકાય નહિં.



ત્યાગ અને દાન બે જુદા જુદા છે. ત્યાગ ખરાબ અને નાકામા વસ્તુઓ કે વૃત્તિઓનો કરવામાં આવે છે. જેમ કે પ્રભુ મહાવીર સ્વામી જેવા મહાન વિભૂતિઓએ એકક્ષણનો વિચાર કર્યા વગર રાજપાઠનો ત્યાગ કરી દીધું કેમ કે તે મોક્ષમાર્ગમાં બાધક અને નડતર રૂપ હતો. દાન એને કહેવાય કે કોઈ રાજા અથવા શ્રેષ્ઠી વિવેકપૂર્વક પોતાની સંપત્તિમાંથી બીજા માટે તેમાંથી ભાગ જુદો પાડી ત્યાગી દે છે. દાનમાં બે પક્ષો હોય છે એક લેનાર અને બીજો આપનાર. જ્યારે ત્યાગની સ્થિતિ એક જ પક્ષ એ જીવ પોતે જ હોય છે. એમ શુદ્ધ મનથી દાન કરનારા દાન કરતા કરતા ત્યાગી બની જાય છે તેમજ ત્યાગી પણ લોકકલ્યાણની ભાવનાથી ઉપદેશનો દાન કરતાં હોય છે આ દષ્ટિએ જોઈએ તો ત્યાગ અને દાન બન્નેમાં સમાનતા છે.

## પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ કલોલ ખાતે ૧ લાખ બેગોનું વિતરણ પુર્ણ કરશે

ગાંધીનગર, તા. ૨૧

કલોલ સ્થિત પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ છેલ્લા ૧૪ મહીનાથી "પ્લાસ્ટીકમુકત ગાંધીનગર જિલ્લો" અભિયાન ચલાવે છે. એક ગાયના પેટમાંથી ૭ કિલો પ્લાસ્ટીક નિકળવાની સાથે જ આ અભિયાનાની શરુઆત થઈ હતી. પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે છેલ્લા એક વર્ષમાં ૫૦ હજાર બેગોનું વિતરણ કરી ચુકી છે. કલોલ શહેરના દાનવીર વેપારીઓના સહયોગથી સંસ્થા એક લાખ બેગોના લક્ષ્યને પાર કરશે એમ સંસ્થાનાપ્રમુ એહમદ પઠાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. લોકો અવિચારી રીતે પ્લાસ્ટીક બેગોનો ઉપયોગ કરે છે તેનાથી અનેક સમસ્યાઓ સર્જાય છે. લોકો સંસ્થાએ આપેલી બેગોનો ઉપયોગ કરતા થાય તે હેતુથી અવારનવાર પ્રોગ્રામો કરવામાં આવી રહ્યા છે.

આજ રોજ પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ બીએપીએસ સ્વામિનારાયણ મંદીર પંચવટી ખાતે કલોલ શહેરની તમામ શાળાના શિક્ષકો, પ્રાધ્યાપકો તેમજ કલોલ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની હાજરીમાં "પ્લાસ્ટીકમુકત ગાંધીનગર જિલ્લો" નામના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ છે. શિક્ષણ સાથે સંકળાયેલા લોકોના સહયોગથી બીજી ૫૦ હજાર બેગોનું વિતરણ સમગ્ર શહેરમાં કરવામાં આવશે.

# ખાનગી દવાની કંપનીઓને ફાયદો કરાવવા તંત્રએ ઉપાડો લીધો..!

ગાંધીનગર, તા.૨૧

જન ઔષધી સ્ટોરમાં કેટલીક ફાર્મા કંપનીઓ દ્વારા જેનરીક દવાનો જથ્થો પુરો પાડવામાં આવે છે. આ ફાર્મા કંપનીઓની કેટલીક ગણી ગાંઠી દવાઓનું વેચાણ સ્ટોરમાં નહીવત પ્રમાણમાં થઈ રહ્યું છે. ત્યારે આ દવાઓનું વેચાણ ન થાય તો ફાર્મા કંપનીઓને લાખો રૂપીયાનું નુકશાન વેઠવાનો વારો આવી શકે તેમ છે. ત્યારે આ કંપનીઓને ફાયદો કરાવવા માટે આરોગ્ય વિભાગ આ ફાર્મા કંપનીઓની દવાઓ સરકારી હોસ્પિટલોમાં આપવાનો નવો રસ્તો શોધી કાઢ્યો છે.

તાજેતરમાં આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મેડીકલ સ્ટોરમાં ૧૦ જેટલી જાણીતી ફાર્મા કંપનીની જન ઔષધી સ્ટોરમાં નહીવત વેચાણવાળી દવાઓ આપવામાં આવી છે. તેમ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે સિવિલના મેડીકલ સ્ટોરમાંથી દર્દીઓને કિંમત લખેલી દવાઓ મળતા દર્દીઓ પણ અચરજ પામે છે.

### ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

શિક્ષણ સાહિત્ય સમાજનો સહજ સમન્વય ઝંખતી ત્રિદલ સંસ્થા ગાંધીનગરની સપ્ટેમ્બર માસની બેઠક તા. ૨૩-૯-૧૮ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે પ્લોટ નં.૭૯૦ નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સેકટર-૨૧ ખાતે મળશે. આ બેઠકમાં જાણીતા પ્રગતિશીલ સાહિત્યકાર પ્રવિણ ગઢવી (નિ.આઈએએસ), ધર્મ અને વિજ્ઞાન વિષય પર વાર્તાલાપ આપશે.




તાજેતરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજોનો સંયુકત યુવક મહોત્સવ 'સંગત ૨૦૧૮' યોજાયો હતો. આ યુવક મહોત્સવમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં તાજેતરમાં આવેલા સુપ્રિમ કોર્ટના ચુકાદાને અનુલક્ષીને સાંપ્રત ચર્ચા વિષય રાખવામાં આવ્યો હતો જેનું શિર્ષક હતું 'જાતિ સંવેદનશીલતાઃ ભારતમાં નવી ક્ષિતિજ' આ વકતૃત્વ સ્પર્ધામાં સે-૨ ૩માં રહેતી ઉન્નતિ પરેશભાઈ દવે તાર્કિક તારણો સાથે ઉત્કૃષ્ઠ વકતવ્ય આપી પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા. જેમને દવે ગ્રુપ ટયુશન કલાસીસ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### હિમાની પઢીયાર પીએચ.ડી. થયા

ગાંધીનગર તા ૨૧

હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી ના ડો એન બી પટેલના માર્ગદર્શન હેઠળ બોટની વિષયમાં ઈથનો બોટનીના ઉચ્ચ અભ્યાસ કરી હિમાની કીશોરસિંહ પઢીયારે પી એચ ડી ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. સાઉથ ગુજરાતના વિસ્તારમાં તાપી જિલ્લામાં આવેલા જંગલ વિસ્તાર તેમજ રેવન્યુ વિસ્તારમાં આ કામગીરી કરી હતી. આ બાબતે યુનિવર્સિટીએ પી એચ ડી નો એવોર્ડ એનાયત કર્યો છે.



# દિલીપ ઠાકોરનો વિરોધ કરવાનો મેસેજ વાયરલ

બનાસકાંઠામાં મીની અંબાજી તરીકે ઓળખાતા દિયોદર તાલુકાના સણાદર ધામે ભાદરવી પુનમના રોજ મેળો યોજાવાનો છે અને આ મેળાને ગુજરાત સરકારના મંત્રી દિલીપ ઠાકોર ખુલ્લો મુકવાના છે ત્યારે ઠાકોર સેનાના પ્રદેશ મંત્રીએ દિલીપ ઠાકોરનો ઉગ્ર વિરોધ કરવાનો મેસેજ વાયરલ કરતા વહીવીટતંત્રમાં ઉહાપોહ સર્જાયો છે. ગુજરાત રાજ્ય ઠાકોર સેનાના પ્રદેશ મંત્રી મુકેશ ઠાકોરે આજે સણાદર ખાતે આવતા ગુજરાત સરકારના મંત્રિ દિલીપ ઠાકોરનો વિરોધ કરતો મેસેજ સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો છે. જેમાં મંત્રી દિલીપ ઠાકોરના પુત્રે ઠાકોર સમાજની ત્રણ દિકરીઓ સાથે લગ્ન કરીને બાદમાં તેમને તગેડી મુકી છે.

## જી.એસ.ઈ.સી.એલ. કોલોની ગાંધીનગર ખાતે રીક્રીએશન ક્લબ દ્વારા ગણેશ મહોત્સવ

જી.એસ.ઈ.સી.એલ. કોલોની, ગાંધીનગર ખાતે રીક્રીએશન ક્લબ દ્વારા ગણેશ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણને અનુલક્ષીને માટીના ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ ગણેશ મહોત્સવમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન જોષી તથા સેક્રેટરી શ્રીમતી અનિલા(વિધી) વસાવડા તરફથી ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# સેવા સેતુ કાર્યક્રમના ચોથા તબક્કાના પ્રથમ પખવાડિયામાં ૧૬ લાખથી વધુ લોકોને મળ્યો લાભ: ૯૯.૯૦ ટકા રજૂઆતોનો આવ્યો હકારાત્મક ઉકેલ

રાજ્યના નાગરિકોને સરકારી સેવાના તેમને મળવાપાત્ર લાભો સત્વરે મળે તે માટે ગુજરાતના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અમલમાં મૂકેલા સેવા સેતુ કાર્યક્રમના પરિણામે અત્યાર સુધીમાં ચાર તબક્કાઓમાં કુલ ૧.૩૫ કરોડ ઉપરાંત નાગરિકોને તેમને મળવાપાત્ર સરકારી સેવાના લાભો ઝડપથી પ્રાપ્ત થયા છે. ચોથા તબક્કાના પ્રથમ પખવાડિયામાં ૧૩ સપ્ટેમ્બર સુધી પ્રાપ્ત વિગતો અનુસાર ૧૬ લાખ જેટલા નાગરિકોને સરકારી સેવાના લાભો હાથોહાથ પ્રાપ્ત થયા છે, જે પૈકી ગ્રામ્ય વિસ્તારમાં ૧૪.૬૦ લાખથી વધુ, નગરપાલિકા વિસ્તારમાં ૧.૩૦ લાખથી વધુ અને મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૨ હજારથી વધુ લોકોને લાભ આપવામાં આવ્યો છે.

## સેવા સેતુ કાર્યક્રમમાં સરકારી સેવાનો લાભ મળે ફટાફટ : અત્યાર સુધીના ચાર તબક્કાઓમાં કુલ ૧.૩૫ કરોડ લોકોને મળ્યો લાભ

રાજકોટમાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ સરકાર ગરીબો, પીડિતો, શોષિતો, વંચિતો અને વનબંધુઓની સરકાર છે. રાજ્યના ખૂણેખૂણામાં વસતા ગરીબ બાંધવોનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ થાય અને તેમને સરકારી સેવાઓના લાભો સત્વરે મળતા થાય તે માટે સેવા સેતુ કાર્યક્રમ એક અસરકારક માધ્યમ તરીકે ઉભરી આવ્યો છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ચોથા તબક્કાના સેવા સેતુના કાર્યક્રમમાં અત્યાર સુધીમાં આવેલી રજૂઆતો પૈકી ૯૯.૯૦ ટકા રજૂઆતોનો હકારાત્મક ઉકેલ આવ્યો છે.

સેવાસેતુનો લાભ લેનારા નાગરિકોને પૂછવામાં આવે તો એટલું તો જરૂર કહે છે કે, "કોઈ પણ અગવડ વિના અમારૂં કામ ઝડપથી ગઈ ગયું ! આ છે સેવા સેતુની ફળશ્રુતિ !! આવી જ અનુભૂતિ વ્યક્ત કરતાં રાજકોટના નિવૃત્ત બેંક અધિકારી શ્રી યોગેશભાઈ ઠક્કર કહે છે કે, "અમારા આટલા વર્ષોના અનુભવમાં સર્વિસ ડિલિવરીમાં આટલી ઝડપ જોઈ નથી, સરકારી કાર્યશૈલીમાં પારદર્શકતા વધી છે. એ આવકારદાયક બાબત છે. રાજ્ય સરકારના સંવેદનશીલ અભિગમને પરિણામે તંત્રમાં વિધેયાત્મક પરિવર્તન આવ્યું છે." રાજકોટના ભીલવાસમાં રહેતા શ્રી મોહનભાઈ પરમારને અકસ્માતને કારણે પગમાં વિકલાંગતા આવતા રોજગારી છીનવાઈ ગઈ હતી. આવા સમયે સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્ય સરકાર તેમની વહારે આવી. શાકભાજીના વેચાણ માટે મોહનભાઈએ રેંકડી ખરીદવા દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ અરજી સેવા સેતુમાં કરી. મોહનભાઈ કહે છે કે, "હવે મને કોઈ પણ અગવડતા નથી. સેવા સેતુ કાર્યક્રમમાં મને સહાય મળતાં હું પગભર બની મારા પરિવારજનોનું શાંતિથી ભરણપોષણ કરી શકીશ. રાજ્ય સરકારે આવા સેવા સેતુ કાર્યક્રમ કરી અમારા જેવા નિરક્ષરો અને ગરીબોના આશીર્વાદ મેળવ્યા છે."




રાજકોટમાં રાજ્યવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ચોથા ચરણનો મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો તે વેળાની તસવીર

નવ વર્ષીય પુત્ર મયુરનું જન્મ પ્રમાણપત્ર, આધારકાર્ડની નકલ મામલતદાર કચેરીના કર્મચારીને આપતાં જ કંટાળા ગામના ધીરૂભાઈ લાખણોત્રાને તરત જ રેશનકાર્ડમાં નામ ઉમેરો થઈ ગયો. આ કામગીરી ગણતરીની મિનીટોમાં જ પૂર્ણ થઈ જ્યારે રાણાવાવના હનુમાનગઢમાં રાણાબોરડી, રામગઢ, દોલતગઢ, આશિયાપાટ, બિલેશ્વર, ખંભાળા ગામના ૨૧૧૫ અરજદારોના પ્રશ્નોનો નિકાલ કરાયો હતો. ખેડા જિલ્લામાં અત્યાર સુધીમાં યોજાયેલા ૧૬ સેવા સેતુ કાર્યક્રમ થકી ૩૬,૮૧૪ અરજીઓનો હકારાત્ક ઉકેલ લાવી ૯૯.૯૯ ટકા સિદ્ધિ હાંસલ થઈ છે જ્યારે નવ નગરપાલિકાઓના સેવા સેતુ કાર્યક્રમમાં ૮,૧૨૯ અરજીઓનો હકારાત્મક ઉકેલ લવાયો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં લાભ મેળવતા કોડીનાર તાલુકાના કંટાળાના ધીરૂભાઈ લાખણોત્રા કહે છે કે, "મને હતું કે આ કામમાં આખો દિવસ નીકળી જશે. પરંતુ થોડી મિનીટમાં જ કામ પતી જતાં હવે હું ખેતી કામ કરી શકીશ. આ કાર્યક્રમને લીધે મારો આખો દિવસ બગડતાં બચી ગયો છે. જે માટે હું રાજ્ય સરકારનો આભારી છું."

મહિસાગરના બાલાસિનોર નગરપાલિકા અને વિરપુર તાલુકાના ધોરાવાડા ગામે સેવા સેતુ કાર્યક્રમમાં ૩૦૫૧ અરજીઓનો નિકાલ કરાયો હતો જ્યારે ગ્રામ્ય કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં ખાનપુરની છાપરી ખાતે દસ ગામોના લોકોના પ્રશ્નોનો નિકાલ કરાયો હતો. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોરથાણા, સિમાડી, વલણ, અલુરા અને કોસમડી એમ પાંચ ગામોના ક્લસ્ટર વચ્ચે સેવા સેતુ યોજાયો હતો. જેમાં કુલ ૧૫૦૬ વ્યક્તિલક્ષી અરજીઓનું એક જ દિવસમાં સ્થળ પર નિરાકરણ કરી ૧૦૦ ટકા કામગીરી કરવામાં આવી હતી.

### સેવા સેતુ કાર્યક્રમોની ઊડીને આંખે વળગે એવી આંકડાકીય વિગતો

તા. ૧૬-૯-૨૦૧૮ સુધીમાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમ (ચોથો તબક્કો)ની વિગતો

| વિગતો | સેવા સેતુ કાર્યક્રમ | | | |
|---|---|---|---|---|
| | ગ્રામ્ય | નગરપાલિકા | મહાનગર-પાલિકા | કુલ |
| યોજાયેલ કાર્યક્રમો | ૧૧૦૨ | ૨૨૫ | ૫૬ | ૧૩૮૩ |
| આવરી લેવાયેલા ક્લસ્ટર | ૧૧૦૨ | ૨૨૫ | ૫૬ | ૧૩૮૩ |
| આવરી લેવાયેલા ગામો/વોર્ડ | ૪૪૩૪ | ૬૩૮ | ૭૧ | ૫૧૪૩ |
| મળેલી રજૂઆતો | ૧૪૬૧૬૫૧ | ૧૩૦૨૮૩ | ૫૨૩૨૭ | ૧૬૪૪૨૬૧ |
| હકારાત્મક ઉકેલ આવેલી રજૂઆતો | ૧૪૬૦૯૩૬ | ૧૨૯૪૮૮ | ૫૨૧૯૯ | ૧૬૪૨૬૨૩ |
| હકારાત્મક ઉકેલની ટકાવારી | ૯૯.૯૫ | ૯૯.૩૯ | ૯૯.૭૬ | ૯૯.૯૦ |
| પ્રથમ, બીજા, ત્રીજા અને ચોથા તબક્કા દરમિયાન હકારાત્મક ઉકેલ આવેલી અરજીઓની સંખ્યા | | | | |
| **પ્રથમ તબક્કો** | ૨૮૭૦૩૬૯ | ૫૨૧૩૯૪ | ૧૭૯૩૪૫ | ૩૫૭૧૧૦૮ |
| **બીજો તબક્કો** | ૩૨૫૮૨૮૧ | ૩૧૪૩૨૩ | ૭૨૬૧૫ | ૩૬૪૫૨૧૯ |
| **ત્રીજો તબક્કો** | ૪૩૦૧૪૫૬ | ૩૬૭૯૪૨ | ૭૦૫૮૬ | ૪૭૩૯૯૮૪ |
| **ચોથો તબક્કો** | ૧૪૬૦૯૩૬ | ૧૨૯૪૮૮ | ૫૨૧૯૯ | ૧૬૪૨૬૨૩ |
| કુલ | ૧૧૮૯૧૦૪૨ | ૧૩૩૩૧૪૭ | ૩૭૪૭૪૫ | ૧૩૫૯૮૯૩૪ |

## 'મિશન વિદ્યા' અભિયાનથી રાજ્યના વિદ્યાર્થીઓ વધુ સક્ષમ બનશે

મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે પલસાણા તાલુકાની કડોદરા પ્રાથમિક શાળા ખાતે વાંચન, ગણન અને લેખનનું તલસ્પર્શી મૂલ્યાંકન કરીને મિશન વિદ્યાનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણને વધુ સાર્વત્રીકરણ કરીને નબળા વિદ્યાર્થીઓને વધુ તેજસ્વી અને સક્ષમ બનાવવાના આશયથી રાજ્ય સરકારે મિશન વિદ્યા અભિયાન ઉપાડયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધો.૬ થી ધો.૮માં અભ્યાસ કરતા નબળા વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણનની મુશ્કેલીઓને હલ કરીને તેઓ પણ અન્ય વિદ્યાર્થીઓની જેમ તેજસ્વી અને હોંશિયાર બનશે.

### મિશન વિદ્યાઃ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે દૂરગામી પગલું

મિશન વિદ્યા અભિયાનનો આરંભ કરાવતા અંજારના ધારાસભ્ય તથા રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિરે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ બાદ રાજ્ય સરકારના મિશન વિદ્યા અભિયાનને પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં સરકારનું દૂરગામી પગલું લેખાવ્યું હતું. હવે સરકારી સ્કૂલો પ્રાઈવેટ શાળાઓથી કોઈપણ રીતે કમ નથી તેવું જણાવ્યું હતું.

અંજારની શિક્ષણ સંવેદના માટે જાગૃત અંજારવાસીઓ, ગુરૂજનો, વાલીગણને ધો.૬ થી ૮ના પ્રિય છાત્રો વાંચન-ગણન-લેખનને આત્મસાત કરે. અંજાર-કચ્છ ગુજરાતનું નામ દેશ-વિદેશમાં રોશન કરે તેને સમયનો તકાદો ગણાવતાં છાત્રોને મિશન વિદ્યા માટે સંકલ્પબદ્ધ કર્યા હતા.

### પદમપર શાળામાં વિદ્યાર્થીઓને ટેબલેટથી અપાતું શિક્ષણ

ભૂજ જિલ્લામાં મિશન વિદ્યા અભિયાન રંગ લાવી રહ્યું છે. માંડવી તાલુકાના પદમપર ગામની શાળામાં ટેબલેટની મદદથી મેજીક સ્લેટ દ્વારા શિક્ષણ અપાઈ રહ્યું છે. જેના થકી બાળકો વાંચન-લેખન-ગણન કરી રહ્યા છે. ભણતરના આ નવા અભિગમથી બાળકો હોંશભેર ભણી રહ્યા છે. વિદ્યાર્થીઓને ટેબલેટથી શિક્ષણ મળતાં તેમનો પાયો મજબૂત બનશે. ડિજિટલ શિક્ષણને વેગ મળશે.

# "મિશન વિદ્યા કાર્યક્રમ રાજ્યના વિદ્યાર્થીઓને સામર્થ્યવાન બનાવવાનો મહાયજ્ઞ બન્યો છે." : CM




મિશન વિદ્યા અંતર્ગત લોધિકા તાલુકાની મોટા વડા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું છે કે, રાજ્યના ગરીબ બાળકોના શિક્ષણની જવાબદારી સરકાર, શિક્ષક અને સમાજની છે અને એટલે જ આ વખતે પાછલા વર્ષોની સાપેક્ષે સૌથી વધુ રૂ. ૨૭ હજાર કરોડની ફાળવણી શિક્ષણ માટે કરી છે. શાળાઓમાં ભૌતિક સુવિધાઓ સાથે શિક્ષણની ગુણવત્તા વધે એ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

ગુજરાતની પ્રાથમિક શાળાઓની ગુણવત્તા સારી બને એ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુણોત્સવની પરંપરા શરૂ કરી હતી. શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરી તેનું ગ્રેડેશન કરવામાં આવે છે. ગત વખતના ગુણોત્સવ દરમિયાન કુલ ૭૦૦૦ શાળાઓને એ ગ્રેડ પ્રાપ્ત થયો છે.

શ્રી રૂપાણી મિશન વિદ્યા અંતર્ગત લોધિકા તાલુકાની મોટા વડા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા અને શિક્ષણ સુધારણામાં સરકારે લીધેલા પગલાં અંગે કહેતાં તેમણે જણાવ્યું કે, ગુણોત્સવ દરમિયાન એવું પણ ધ્યાને આવ્યું કે બાળકો વાંચન, ગણન અને લેખનમાં અસક્ષમ છે. તેના ઉપચારાત્મક પ્રયાસરૂપે રાજ્ય સરકારે મિશન વિદ્યા શરૂ કર્યું છે. એક માસ સુધી આ અભિયાન ચાલશે. આ દરમિયાન શાળાઓમાં એક કલાક વધુ શિક્ષણ કાર્ય કરવામાં આવશે અને નબળા વિદ્યાર્થીઓને વાંચન, લેખન અને ગણન શીખવવામાં આવશે. આવા છાત્રોને પ્રિય બાળકો ગણવામાં આવશે અને શિક્ષકો દ્વારા આ પ્રિય બાળકોની વિશેષ તકેદારી રાખવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ૪૦૦૦ શાળાઓમાં ડિજિટલ ક્લાસરૂમ શરૂ કર્યા છે. બાળકોને ઓડિયો વિઝ્યુઅલી શિક્ષણ આપવામાં આવે છે. તેના કારણે બાળકોની ગ્રહણશક્તિમાં વધારો થયો છે. વધારાના ૬૦૦૦ ડિજિટલ વર્ગ શરૂ કરી તેની સંખ્યા ૧૦ હજાર સુધી કરવામાં આવશે.

રાજ્ય સરકાર ખાનગી શાળાઓને મંજૂરી આપે છે, તેની સામે સરકારી પ્રાથમિક શાળાઓને પણ સક્ષમ બનાવી સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું કરવા ઈચ્છે છે. સરકારી શાળાઓ પણ ખાનગી શાળાને ટક્કર આપે એવી ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે, ગરીબીનો ઉકેલ શિક્ષણ છે અને શિક્ષક આવતી કાલની પેઢીનું નિર્માણ કરે છે. ભારતને સશક્ત બનાવવા માટે આજના બાળકોને શિક્ષિત કરવા પડશે.

મુખ્યમંત્રીશ્રીએ મોટા વડા પ્રાથમિક શાળામાં અભ્યાસ ખંડમાં જઈ બાળકો સાથે સંવાદ કર્યો હતો અને છાત્રોને ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોના શિક્ષણ અંગે જાગૃત થવા વાલીઓને તેમણે અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ લોધિકા ખાતે રૂ. ૫.૩૦ કરોડના ખર્ચથી નિર્માણ પામેલી આઈટીઆઈનું લોકાર્પણ પણ કર્યું હતું. તેમણે ઉત્તમ શિક્ષણ કાર્ય બદલ શાળાને પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.

## મિશન વિદ્યા દ્વારા શિક્ષણ ક્ષેત્રે પરિણામલક્ષી પરિવર્તન

શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગુજરાતની આવતી કાલને વધુ ઉજ્જવળ બનાવવા આ સરકારે ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપર લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે.

ગુણોત્સવથી બાળકોના શિક્ષણ સ્તરમાં જે સુધારો આવ્યો છે અને એ પ્લસ ગ્રેડની શાળાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે તેની ભૂમિકા આપી શિક્ષકો હવે મિશન વિદ્યામાં પણ એ જ ઈન્વોલમેન્ટ અને કમિટમેન્ટથી જોડાય એ જરૂરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

શાળા પ્રવેશોત્સવના અભિયાનમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતે શાળાઓમાં ૭૫ ટકાથી ૧૦૦ ટકા નામાંકન અને ડ્રોપઆઉટ ૩૭ ટકાથી ૩ ટકાએ પહોંચાડ્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જણાવ્યું કે, શિક્ષણ ક્ષેત્રે હજુ પણ જે ખૂટે છે તે સ્વીકારીને તે ત્રુટીને દૂર કરવાની પારદર્શી સંકલ્પબદ્ધતા શ્રી વિજયભાઈ રૂપાણીની આ પારદર્શક સરકારની છે.